જન્મદિને વધામણી

ડો. જયંત તટુ
મો. ૯૩૭૬૧ ૩૧૬૮૬

કૌશિકભાઈ બી સુખડીયા
મો. ૯૮૨૫૦ ૪૧૩૪૮

હેમેન્દ્ર અ ભટ્ટ
ફોન : ૨૩૨૩૦૧૩૫

નિલેશ
પુરુષોત્તમભાઈ શર્મા
મો. ૯૭૧૪૪ ૭૫૫૨૫

ઉદ્‌ગમ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વ. પંડિત બ્રિજ ભૂષણ કાબરાજીને સ્વરાંજલિ

હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતના પ્રવાહમાં શ્રોતા રસતરબોળ

ગાંધીનગર, તા. ૨૭

ભારતીય શાસ્ત્રીય સંગીતમાં હવાઈન ગિટારને લોકપ્રિય બનાવનાર પંડિત બ્રિજ ભુષણ કાબરાજીને સ્વરાંજલિ અર્પવા માટેનો એક અદભૂત કાર્યક્રમ શુક્રવારે રાત્રે ગાંધીનગર ટાઉનહોલ ખાતે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી તથા હાર્ટ ફાઉન્ડેશન, અમદાવાદના સહયોગથી કરવામાં આવ્યો.

અમદાવાદમાં સ્થાયી થયેલા પંડિત કાબરાજીનો ૧૯૬૭માં પંડિત શિવકુમાર શર્મા અને પંડિત હરિપ્રસાદ ચૌરસિયા સાથેનો 'કોલ ઓફ વેલી' આલ્બમ અત્યંત લોકપ્રિય બન્યો હતો. ઉદગમ મ્યૂઝિક ફેસ્ટીવલમાં ભારતીય શાસ્ત્રીય સંગીતના શ્રેષ્ઠ કલાકારો વિદુષી મંજુ નંદન મહેતા, સુશ્રી અમિતા દલાલ, શ્રી નીરજ પરીખ, ઉસ્તાદ ફઝલ કુરેશી અને ડૉ. પંડિત અજય પોહણકર સાથે ત્રણ કલાક ફકત ને ફકત શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ ઉદગમના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.મયુર જોષી દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ડૉ.જયંતિ રવિ, કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને અગ્ર શચિવશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, વિદુષી મંજુ નંદન મહેતા, ધ્રુવ જોષી(ટ્રસ્ટી, ઉદગમ ટ્રસ્ટ), મહેન્દ્ર ત્રિવેદી(પૂર્વ મંત્રીશ્રી), ડૉ.નીતિન સુમંત શાહ(હાર્ટ ફાઉન્ડેશન), વી.એસ. ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સંગીતજ્ઞ પિનાકીન વ્યાસ સહિત અનેક સંગીત અને જાહેર ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં અને કાર્યક્રમને ખૂબ જ મંત્રમુગ્ધતાથી માણ્યો હતો. આ કાર્યક્રમનું સુંદર સંચાલન સંજય થોરાત દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમને સફળ બનાવવા આશાબા સરવૈયા, પરમજીત છાબડા, જયરાજસિંહ સરવૈયા, સંજય થોરાત, આનંદ, ચાણકય જોષી, અમિત પંડ્યા, પ્રફુલ્લ પંચાલ વગેરેએ ખાસ્સી મહેનત કરેલી દેખાઈ આવતી હતી. ગાંધીનગરના ઈતિહાસમાં શુધ્ધ ભારતીય શાસ્ત્રીય સંગીતનો આખો કાર્યક્રમ યોજાયાની પ્રથમ ઘટનાનું શ્રેય ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટને મળ્યું. આ કાર્યક્રમથી શ્રોતા રસતરબોળ થઈ ગયાં અને ફરીથી ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આવો કાર્યક્રમ ફરીથી તુરંત કરે એવી શુભેચ્છા દર્શાવી હતી.

ઈન્ફોસિટી શાળામાં ઓરી-રૂબેલા રસીકરણ અંગે જાગૃતિ માટે સેમિનાર

અતિથિઓએ વિદ્યાર્થીઓને રસી અંગે જરૂરી માહિતી વિગતે પૂરી પાડી ચિંતામુક્ત કરવાનો પ્રયાસ કર્યો

ગાંધીનગર, તા. ૨૭

ઈન્ફોસિટી શાળામાં ઓરી-રૂબેલા રસીકરણ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં રસીકરણ પ્રત્યે જાગૃતિકરણ આવે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હરિશભાઈ ત્રિવેદી અને ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના વડા ડૉ. સરોજિનીબેન આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે વિદ્યાર્થીઓને રસી વિશે ઉપયોગી માહિતી પૂરી પાડી હતી.

સંસ્થા તરફથી ટ્રસ્ટી દલસાણીયાસર, પ્રમુખ વૈષ્ણવસર, પ્રિન્સિપાલ પ્રવીણાબેન પટેલ, સુપરવાઈઝર દિપ્તીબેન દેસાઈ અને સ્ટાફ શિક્ષકમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

સંવેદનાની નવી જ ક્ષિતિજ પ્રગટ કરનાર

પ્રયોગશીલ કવિના ચહેરાને સ્પષ્ટ કરતી કવિતાનો અભ્યાસગ્રંથ : 'સિગ્નેચર'



સમગ્ર કવિતાનું સંપાદન એ મારા મનમાં વરસતું ઝરમરતું ચોમાસું છે. મારા માટે જીવવાની આકાર વગરની અનુભૂતિની સુંદર ક્ષણ છે. સમયના સાક્ષીભાવે જીવન તો જીવાય છે, પણ વચ્ચે વચ્ચે મધુર ક્ષણો મારી માનસિકતાને શાંતિ અર્પે છે. એવી કેટલીક મધુર ક્ષણોને માણતાં માણતાં મારો કાવ્યપથ ખૂલતો ગયો છે. કવિતા પાસે સ્નેહનો રેલો થઈને જઈએ તો એના સ્પંદનને પામી શકાય. મેં એવા સ્પંદનને પામીને સંપાદકની ભૂમિકાએ રહીને સંપાદન કાર્ય કર્યું છે. ત્યારે એમાં રહેલા સ્પંદનને અને છંદને પામવાની માત્ર ને માત્ર અનુભૂતિ કરી છે.

કવિ સતીશ ડણાકની સમગ્ર કવિતાના સંપાદનની સમગ્ર પ્રક્રિયાને સમજાવતાં જાણીતા વિવેચક હરિશ વટાવવાલા આ કાર્યને 'મનની મૉસમ માટે સચવાયેલું ઐશ્વર્ય' તરીકે ઓળખાવી ઉપરોક્ત શબ્દોમાં પોતાની લાગણી વ્યક્ત કરે છે. તેમણે સમગ્ર કવિતાના સંપાદન દ્વારા કવિ સતીશ ડણાકનો કાવ્ય ચહેરો સ્પષ્ટ કરવાનો સુંદર પ્રયાસ કર્યો છે. એ દ્વારા તેમનો કાવ્યસંબંધ વિશેષ રીતે સ્પષ્ટ અને ચોખ્ખો થતો જોઈ શકાય છે.

'સિગ્નેચર' નામે પ્રગટ કરવામાં આવેલ સતીશ ડણાકની સમગ્ર કવિતાનો બૃહદ સંગ્રહ ૨૮૦ પાનાંમાં વિસ્તરેલો છે. જેમાં કવિતાના દરેક સ્વરૂપ જેમકે દીર્ઘ કાવ્ય, અછાંદસ કવિતા, કાગડા વિષયક પ્રતિકાત્મક જૂથકાવ્ય, શ્રદ્ધાંજલી કાવ્ય, મોનો-ઈમેજ કાવ્ય, અમૂર્તને મૂર્ત કરતાં મોનો-ઈમેજ કાવ્યો, ગઝલમાં પ્રયોગશીલતા, વિરહ વેદના, પુરાકલ્પન ગીત વગેરે વિભાગો પાડી તેમાં સુંદર કાવ્યોનાં ઉદાહરણો સહિતનો ૨૫ પાનાંનો અભ્યાસ લેખ અહીં મૂકવામાં આવ્યો છે. જે કવિ સતીશ ડણાકની કવિતાનો ઉત્તમ રીતે ઉઘાડ કરી આપે છે. તે સાથે અભ્યાસુઓ માટે એક બહુઉપયોગી ગ્રંથ બની રહે છે. કવિના દીર્ઘ કાવ્ય 'લાંબી સડક, ટૂંકી સડક' (માઈક્રોબુક, ૧૯૬૮)થી લઈને અછાંદસ કવિતા 'શક્યતા' (૧૯૭૪), એકાન્તવાસ (૧૯૮૧), મોનો-ઈમેજ, માછલીની આંખમાં અવકાશ (૨૦૦૯), ગઝલ એકાન્તવાસ (૧૯૮૧), મૃગજળનું સરનામું (૨૦૦૩) વગેરે તમામ કાવ્યસંગ્રહોનાં કાવ્યોનો સમાવેશ કર્યો છે. તે પછી સતીશ ડણાકનું લેખનસર્જન જેમાં કાવ્યસંગ્રહો, નિબંધસંગ્રહો, વિવેચન, સંપાદનનાં તેમનાં પુસ્તકોની વિગતવાર માહિતી વિભાગવાર મૂકવામાં આવી છે. તેમજ કવિની જીવન ઝરમર... ૧૯૪૧થી ૨૦૧૫ સુધીની વિસ્તૃત રીતે આપેલ છે જેમાં કવિના જીવનની અનેક ઘટનાઓ અને અગત્યના પાસાઓની વિગતો મળે છે. છેલ્લે ડૉ. મધુ કોઠારી સતીશ ડણાકનો ટૂંકમાં પરંતુ સમગ્રલક્ષી પરિચય આપતાં લખે છે કે સતીશભાઈનું ભાષાકર્મ પણ તપાસવા જેવું છે. તેમણે ઋઢિગત કાવ્યભાષાને તોડી-મરોડીને નવી ભાષા નીપજાવવાનો પ્રયાસ કર્યો છે, જે કામ પ્રમાણમાં દુષ્કર છે. કેટલાક શબ્દપ્રયોગો તાજપનો અનુભવ કરાવે છે. દા.ત. ચેતનાની ભીનાશ, આંખોની સૂકી નદી, અર્થનો દરિયો, ચોકલેટી જાળ. તે જ રીતે કાવ્યમાં કોઈ-કોઈ સ્થળે પાથરાયેલ વર્ણસગાઈ ભાવકને ડોલાવે છે. દા.ત. સતત ઉડી ઉડી ઉડી સમડી, ખટ્ ખટાખટ્ ટ્રેનના તોતિંગ પૈડાં નીચે સમય કચડાઈ રહ્યો છે. કેટલાંક કાવ્યોનું ફૉર્મ બાળકાવ્ય જેવું લાગે પણ અંદર ઉતરતાં તો સંવેદનાયુક્ત હોય અને પ્રત્યાયનને સરળ બનાવે. આવું ફૉર્મ ભાવકને આકર્ષવામાં સફળ નીવડે છે અને કાવ્યમાં પ્રવેશવા માટે ઉત્સુક બનાવે છે.

પુસ્તક પરિચય
નટવર હેડાઉ

સિગ્નેચરની સમગ્ર કવિતા અને તેમાં મુકુટમણી સમાન હરીશ વટાવવાલાનો અભ્યાસલેખ ભાવકને એક અલગ કાવ્યસૃષ્ટિની યાત્રા કરાવે છે. આ કાવ્યગ્રંથ કવિએ તેમના સહૃદય પ્રેમાળ પ્રિય કવિજન ભાગ્યેશ જહાને અર્પણ કર્યો છે. કવિના અમૃત પર્વ નિમિત્તે પ્રગટ થયેલ આ ગ્રંથને આવકારતાં તેમને શતં જીવ શરદની શુભેચ્છા પાઠવું છું.

સિગ્નેચર (સતીશ ડણાકની સમગ્ર કવિતા)
અભ્યાસલેખ : હરિશ વટાવવાલા
આદર્શ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૫
કિંમત : રૂા. ૨૫૦/-

ઍસ વી પ્રિસ્કૂલમાં રક્ષાબંધન ઉજવાઈ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં રક્ષાબંધનનો તહેવાર ધામધૂમથી ઉજવાઈ ગયો. ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતિક સમા આ તહેવારની ઉજવણીમાં બાળકો રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરી, ઉત્સાહભેર શાળામાં આવ્યા હતા. કન્યાઓને શાળા તરફથી રાખડી આપવામાં આવી હતી, જે તેઓએ પોતાના ભાઈઓના હાથ પર બાંધી, તેમની તંદુરસ્તી તથા દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. ભાઈઓએ બહેનોને તેમની રક્ષા કરવાનું વચન આપ્યું હતું. શિક્ષિકાઓએ બાળકોને આ પવિત્ર તહેવારનું મહત્વ સમજાવી આ ઉજવણીમાં સાથ આપ્યો હતો. અંતમાં, તમામ બાળકોને ચોકલેટ દ્વારા મોઢું મીઠું કરાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ શિક્ષિકા ભાવિકા ઠાકરના નેતૃત્વ હેઠળ યોજાઈ ગયો.

નારી સંરક્ષણ ગૃહ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી

નારી સંરક્ષણ ગૃહ 'સ્વધારગૃહ', સૅક્ટર-૧૨ ખાતે બ્રહ્માકુમારીઝ સંસ્થા, સૅક્ટર-૨ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. બ્રહ્માકુમારી ભાવનાદીદી અને તપસ્વીદીદી દ્વારા ક્રોધ, નિંદા, વ્યર્થ ચિંતન વગેરે દૂર કરવા પ્રતિજ્ઞા કરાવવામાં આવી હતી. તેમણે સૌને શિરે પરમાત્માની છાયા બની રહે તે માટે પ્રાર્થના કરાવી હતી. સંસ્થાનાં પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે, હંસાબેન જોશી, કમિટી મૅમ્બર્સ અને સ્ટાફ પરિવાર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યો હતો.

સરકારી વિનયન કોલેજ ગાંધીનગરના સંસ્કૃત વિભાગ દ્વારા તા.૦૨/૦૮/૨૦૧૮ થી ૨૩/૦૮/૨૦૧૮ સુધી સંસ્કૃત સંભાષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ-૪૫ છાત્રોએ સંસ્કૃત સંભાષણવર્ગમાં ભાગ લીધો. સમગ્ર કોલેજનું વાતાવરણ જાણે સંસ્કૃતમય બન્યું હતું. વર્ગના સમાપન કાર્યક્રમમાં સંસ્કૃત ભારતી ગુજરાત પ્રાંતના મંત્રી જયશંકર રાવલની વિશેષ ઉપસ્થિતિ રહી. સંસ્થાના આચાર્ય ડો.હિમ્મત ભાલોડીયા તથા સંસ્કૃત વિભાગના અધ્યક્ષશ્રી ડો. વિષ્ણુ પુરોહિત ઉદબોધન કર્યું હતું. વર્ગનું પ્રશિક્ષણ કાર્ય કોલેજની છાત્રા પુજા ઝાલાએ કર્યું હતું.

જીઆઈપીઍસ સ્કૂલ દ્વારા રાંધેજા ગામમાં સ્વચ્છતા જાગૃતિ માટે રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલનાં વિદ્યાર્થીઓ દ્વારા રાંધેજા ગામમાં 'સ્વચ્છતા અભિયાન' અને પર્યાવરણ બચાવવા માટેની રેલી દ્વારા સમજ આપવામાં આવી હતી. તેમજ રાંધેજા પ્રાથમિક શાળામાં પર્યાવરણ ને બચાવો અને વૃક્ષોને ઉછેરવા માટેનું સુંદર નાટક અને ગીત દ્વારા સુંદર કાર્યક્રમ કરેલ હતો. અને આના માધ્યમથી એક સુંદર સંદેશ લોકોમાં આપેલ હતો.

ટ્રેન ટિકીટ સાથે વીમો હવે ફ્રી નહીં

ગાંધીનગર, તા. ૨૭

જ્યારે તમે ભારતીય રેલવેના ઓનલાઈન પ્લેટફોર્મ પરથી કોઈ ટિકિટ બુક કરાવો છો ત્યારે તમને એક ટ્રાવેલ ઈન્સ્યોરન્સ પણ મળે છે. પરંતુ હવે તે રેલવે ખુદ નહીં આપે. ભારતીય રેલવે અનુસાર ૧ સપ્ટેમ્બરથી વીમો લેવો છે કે નહીં તે તમારા પર આધાર રાખશે. રેલવેએ કહ્યું કે, ઈ-ટિકિટ બુક કરાવનારા પેસેન્જરો માટે ટ્રાવેલ ઈન્સ્યોરન્સ ઓપ્શનલ હશે. તેનો મતલબ એ થયો કે, ૧ સપ્ટેમ્બરથી તમે જે પણ ટિકિટ બુક કરાવશો તો તમારે 'ઓપ્ટ ઈન' (જોઈએ છે) અને 'ઓપ્ટ આઉટ' (નથી જોઈતી). બન્ને વિકલ્પોમાંથી એક વિકલ્પની પસંદગી કરવાની રહેશે. એ પ્રમાણે તમારી ટિકિટની પ્રીમિયમની રકમ પણ ભરવાની રહેશે. નોંધનીય છે કે, જિટિલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવા માટે ભારતીય રેલવે સપ્ટેમ્બર ૨૦૧૭માં ફ્રી ઈન્શ્યોરન્સ આપવાની સુવિધા લાવ્યું હતું. પરંતુ હવે આ સુવિધા માટે પ્રીમિયમ ચૂકવવું પડશે. જોકે પ્રીમિયમની રકમ કેટલી હશે તેને લઈને રેલવેએ હાલમાં કોઈ સ્પષ્ટતા કરી નથી.

સૅફ્રોની એન્જિનીયરિંગ કૉલેજ જીટીયુની પરીક્ષામાં ગાંધીનગર ઝોનમાં સફળ

ગુજરાત ટૅકનોલૉજીકલ યુનિવર્સિટીની સેમેસ્ટર-૨ની પરીક્ષાનાં પરિણામોમાં એસપીબી પટેલ એન્જિનીયરિંગ કોલેજે (સૅફ્રોની ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી) સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમાંક અને ગાંધીનગર ઝોનમાં દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. સિવિલ ઍન્જિનીયરીંગ અને ઈન્ફર્મેશન ટૅકનોલૉજી બ્રાન્ચમાં ગાંધીનગર ઝોનમાં પ્રથમ ક્રમાંક અને મિકેનીકલ તથા ઑટોમોબાઈલ ઍન્જિનીયરિંગ શાખામાં ગાંધીનગર ઝોનમાં દ્વિતિય ક્રમાંક મેળવ્યો છે. સંસ્થાનાં પ્રિન્સિપાલ પ્રૉ. ચિત્રલેખા નાહર, ટ્રસ્ટી અને પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓને અભિનંદન સહ ભવિષ્યમાં પણ આવી જ જ્વલંત સફળતા માટે શુભકામનાઓ પાઠવી છે.

નગરના રજિસ્ટર્ડ પબ્લિક ટ્રસ્ટ ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) દ્વારા છેલ્લાં દસ વર્ષથી આવશ્યક સેવાઓમાં રત કર્મચારીઓને રક્ષાબંધનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. આ ક્રમમાં રવિવારે સૅ. ૭ પોલીસ સ્ટેશનમાં ફરજરત કર્મચારીઓ, ટ્રાફિક પોલીસ કર્મચારીઓ, ઍસટી બસ ડેપો તંત્રમાં ફરજરત કર્મચારીઓ તથા ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાને જી ઈ ક્લબ પરિવારની બાળા રિયા નિમાવત દ્વારા રક્ષાનું બંધન કરાયું હતું. ઉલ્લેખનીય છે કે કુ. રિયા છેલ્લાં દસ વર્ષથી આ ક્રમ અખંડપણે જાળવી રહી છે.